# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત અધિનિયમ નં. ૨૩/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Established vide Government of Gujarat Act No. 23/2015]


*પરીપત્ર:*

**વિષય : કોવીડ–૧૯ કોરોના મહામારીના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થીઓના માતા અથવા પિતાનું અવસાન થયેલ વિદ્યાર્થીઓને 'શિક્ષણ ફી' માંથી મુક્તિ આપવા બાબત**
**સંદર્ભ : (૧) એકેડેમિક કાઉન્સીલની બેઠક નં ૯ના ઠરાવ ક્રમાંક ૦૯.૦૪**
**(૨) એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠક નં ૨૭ના ઠરાવ ક્રમાંક ૨૭.૦૨.૦૩**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજો તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/અધ્યાપકો,સંસ્થાના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે એકઝીક્યુટીવ કાઉન્સીલની બેઠક નં ૨૭ના ઠરાવ ક્રમાંક ૨૭.૦૨.૦૩માં એકઝીક્યુટીવ કાઉન્સીલના તમામ સભ્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થીલક્ષી/વિદ્યાર્થીહિતમાં કરવામાં આવેલ નિર્ણય અનુસાર યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો,સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રો, માન્ય સંસ્થાઓ તથા સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓના માતા અથવા પિતા બન્ને પૈકી કોઈ એકનું પણ હાલમાં ચાલી રહેલ કોવીડ–૧૯ કોરોના વૈશ્વિક માહામારીના સમયગાળા દરમ્યાન અવસાન થયેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે 'શિક્ષણ ફી' ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

શિક્ષણ ફી ભરવામાંથી મુક્તિ મેળવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ નીચે દર્શાવ્યા મુજબ દરખાસ્ત કરવાની રહેશે.

૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના/અનુસ્નાતક કેન્દ્રોના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના આચાર્યશ્રી/વડાશ્રીને 'શિક્ષણ ફી' માફી અંગેની દરખાસ્ત કરવાની રહેશે.

૨) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓ દ્વારા અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીને 'શિક્ષણ ફી' માફી અંગેની અરજી કરવાની રહેશે.

૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના વિદ્યાર્થીઓના માતા અથવા પિતા બન્ને પૈકી કોઈ એકનું કોવીડ–૧૯ કોરોનાને કારણે અવસાન થયેલ હોય તેવા આધાર પુરાવા દરખાસ્ત સાથે રજુ કરવાના રહેશે.

**ઉક્ત સંદર્ભ ઠરાવની અમલવારી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓએ તથા અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના વડાશ્રીઓએ કરવાની રહેશે.**

કા. કુલસચિવ

**ક્રમાંક :બીકેએનએમયુ/એકેડેમિક/૭૯૦/૨૦૨૧**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ
તા : ૨૫/૦૬/૨૦૨૧

**પ્રતિ : યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજાના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્ર/ભવનોના વડાશ્રીઓ તરફ...**

**નકલ રવાના :–**

1) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ...
2) આઈ.ટી.સેલ., વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government polytechnic campus
Bhakta Kavi Narsinh Mehta university road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503
Web: http://www.bknmu.edu.in || Email: generalstorebknmu@gmail.com